# શ્રી ભગવાન મહાવીર સ્વામી
## નું શાસન

# શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ : સિધ્ધાંત બોધ લેવો અને સિધ્ધાંત બોધ આપવો

* જૈનકુળનું સફળપણું ''જ્ઞાન'' * ■ **અજ્ઞાનસાર** ■ * જૈનકુળનું નિષ્ફળપણું ''અજ્ઞાન'' *

**બાળજીવો અનંત ભવ ભ્રમણથી ભટકતા ભટકતા અને દુ:ખી થતા આવ્યા. અને આ ભવમાં પણ ધર્મનાં નામે તપ કર્યા (મગજ તપાવ્યું, ક્રોધિષ્ઠ થયો), ત્યાગ કર્યો (ત્યાગી-ત્યાગીને ત્યાગ વૃત્તિથી પાછો વળ્યો), જાપ કરી કરીને અજંપો પામ્યો (જંપીને અંતર્મુખીપણું ન પામ્યો), દાન કરીને (વધારે અર્થના ઉપાર્જનમાં પડીને) ઉપાધીમાં પડ્યો, વૈયાવચ્ચ કરીને સાધનાનાં માર્ગે ચાલતા સાધકોની આરાધનામાં વિરાધના કરી (સાધુ-સાધ્વીનાં આચાર-નિયમોની વિરુધ્ધનું કરાવ્યું). બાળજીવે આ ભવમાં ધર્મનાં નામે બધું કર્યું, છતાં પરીણામ સ્વરૂપ શું પામ્યો ? તેનો વિચાર કરે.**

**જીવે બધું કર્યું પણ ''અજ્ઞાન'' ન ટાળ્યું. અનંત દુ:ખોનું કારણ અજ્ઞાન, અનંત ભવભ્રમણમાં ફરવાનું કારણ અજ્ઞાન, અનંત કર્મો બાંધવાનું કારણ અજ્ઞાન, અનંત દોષો અને કષાયો થવાનું કારણ અજ્ઞાન, સદ્ગુરૂનો યોગ ન થવાનું કારણ અજ્ઞાન, સદ્ગુરૂને ન ઓળખવાનું કારણ અજ્ઞાન. સદ્ગુરૂને ન આરાધવાનું કારણ અજ્ઞાન. દેહનું સ્વરૂપ અને આત્માનું સ્વરૂપ ન જાણવાનું કારણ અજ્ઞાન.**

**બુધ્ધિમાં સ્વાર્થપણું, દ્રષ્ટિમાં વિષયોનું વિકારીપણું અને વાણીમાં માનવૃત્તિને કારણે ઉધ્ધતપણું દૂર ન થવાનું કારણ અજ્ઞાન. મોક્ષમાર્ગથી દૂર થવાનું કારણ અજ્ઞાન. ભાવે માર્ગાનુસારીપણું ન પામવાનું કારણ અજ્ઞાન. ભાવે સમકિતી ન થવાનું કારણ અજ્ઞાન.**

# જૈનો જાગો

લેખાંક : ૩૫

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુન: મુદ્રણ**

જે બાળજીવોને પૂર્વનાં ભવોમાં નિશ્ચય ધર્મ (આત્મધર્મ) મળ્યો નથી.

**''મળ્યો હોય તો માન્યો નથી''**

અને તેની અનુમોદના કરી નથી માટે તે જીવોને આ ભવમાં નિશ્ચયધર્મનો યોગ થયો નથી. (જ્ઞાનની વિરાધનાને કારણે) અને કદાચ નિશ્ચયધર્મનો યોગ થયો હોય તો પણ તેની ઉપેક્ષા કરીને બાળજીવો નિશ્ચયધર્મનો અનાદર અજ્ઞાનતાથી કરે છે. પૂર્વમાં કરેલા અનાદરનું ફળ આ ભવમાં નિશ્ચયધર્મથી દૂર થઈને ભોગવે છે. અને જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે કે જેનાથી જીવ આ ભવમાં અને

**ઘણી ઘણી ઈચ્છાઓ થવાનું કારણ**
**''અજ્ઞાન''**
**''સર્વ દુ:ખોનું મુળ ઈચ્છાઓ''**

ભાવી ભવોમાં સત્યની ઝુરણાનાં ગુણ ઉપર આવરણ મૂકે છે. અને જીવ પોતાને ગમતા સુખો મેળવવાની લેશ્યા બળવાન બનાવે છે અને તેના કારણે જીવને નિશ્ચયધર્મ (સિધ્ધાંત ધર્મ) ગમતો નથી અને ઉગતો પણ નથી.

હવે આગળનાં લેખાંકનાં અનુસંધાનમાં નિશ્ચય બોધ કેવા જીવોને નથી ગમતો તેનાં લક્ષણ અને ગુણોની વિચારણા કરીએ.

૪૪) જે બાળજીવોને સંપ્રદાયની પરંપરાની ક્રિયાઓનો જડતાપૂર્વક આગ્રહ છે. (તેનાં કારણે જીવ કષાયો કરે છે, ક્રોધ.) તેવા જીવોને સિધ્ધાંત બોધ ગમતો નથી. (નિશ્ચય બોધ ઉગતો નથી.)

૪૫) જે બાળજીવો કર્મમાં માનતા નથી અને કર્મને આધીન જીવન જીવતા નથી. (સુખ અને દુ:ખ પૂર્વમાં કરેલા કર્મનું ફળ છે, તેવું બીજા માટે કહે પણ પોતાના માટે સ્વિકારતો નથી) તેવા જીવોને નિશ્ચય બોધ ઉગતો નથી. (નિશ્ચય બોધ પામતો નથી.)

૪૬) જે બાળજીવો નિમિત્તને દોષ આપે છે, તેવા જીવોને નિશ્ચય બોધ ગમતો નથી. (સારૂં થાય તો માન અને અહંકારી થાય અને ખરાબ થાય તો બીજાને દોષ આપે.)

૪૭) જે બાળજીવો પરંપરાની તપસ્યા જડતાથી કરે તેવા જીવોને સિધ્ધાંતબોધ ગમતો નથી અથવા નિશ્ચય બોધ ઉગતો નથી (તપસ્યા કરે પણ સહનશીલતાનાં ગુણનાં લક્ષ વગર અને તેથી ક્રોધ કરે.)

૪૮) જે બાળજીવો ક્રિયાઓથી જ મોક્ષ માને તેવા જીવોને નિશ્ચય બોધ ગમતો નથી (ક્રિયાઓનો આદર હોય અને સંસારભાવથી નિવૃત્તિ અને ધર્મભાવની પ્રવૃત્તિ સમજીને કરે અને ધર્મમય બનવા માટે કરે તો સ્વભાવ ધર્મમય બને. વ્રત-તપ-ક્રિયાઓ દેશ-કાળ અનુસાર જ્ઞાની પુરૂષોએ તે વખતનાં બાળજીવો માટે આપેલી હોય છે. સર્વ સમય માટે અને સર્વ જીવો માટે અને સર્વ ક્ષેત્ર માટે નથી હોતી).

૪૯) જે બાળજીવો સ્વસંપ્રદાયથી જ મોક્ષ છે અન્ય સંપ્રદાયથી (અન્ય પક્ષથી) મોક્ષ નથી તેવી માન્યતા ધરાવે

*** સત્સંગ, સત્સંગનું ફળ ***

**૧. અજ્ઞાન જીવને નિમિત્તના દોષમાં રાખે છે.**
**જ્ઞાન જીવને નિમિત્તના દોષથી 'પર' રાખે છે.**
**૨. અજ્ઞાન જીવને ધર્મમાં અધર્મ કરાવે છે.**
**જ્ઞાન જીવને અધર્મમાં ધર્મ કરાવે છે.**
**૩. અજ્ઞાન જીવને પદાર્થનાં ત્યાગથી પણ આસક્તિ ભાવમાં રખાવે છે.**
**જ્ઞાન જીવને પદાર્થની પ્રાપ્તીમાં પણ અનાસક્તિ ભાવમાં રખાવે છે.**
**૪. અજ્ઞાન જીવને ત્યાગીમાં પણ રાગી રાખે છે.**
**જ્ઞાન જીવને ત્યાગી વગર પણ વૈરાગી બનાવે છે.**
**૫. અજ્ઞાન જીવને સુખમાં દુ:ખી કરે છે.**
**જ્ઞાન જીવને દુ:ખમાં સુખી કરે છે.**
**૬. અજ્ઞાન જીવને દેવલોકમાં દુ:ખી કરે છે.**
**જ્ઞાન જીવને નરકમાં પણ સુખી કરે છે.**
**૭. અજ્ઞાન જીવને દ્રષ્ટિમાં અંધકાર આપે છે.**
**જ્ઞાન જીવને અંધકારમાં દ્રષ્ટિ આપે છે.**
**૮. અજ્ઞાન જીવને જ્ઞાનમાં અજ્ઞાનતાથી વર્તાવે છે.**
**જ્ઞાન જીવને અજ્ઞાનતામાં જ્ઞાનથી વર્તાવે છે.**
**૯. અજ્ઞાન જીવને જવાબોમાં નવા સવાલો ઉભા કરે છે.**
**જ્ઞાન જીવને સવાલોનાં જવાબ આપે છે.**

તેવા જીવોને નિશ્ચય બોધ ગમતો નથી. સ્વસંપ્રદાયથી બાળજીવોને મોક્ષમાર્ગમાં ચાલવાની બળવાન અનુકુળતા પ્રાપ્ત થાય છે. અને સંસાર સરળતાપૂર્વક ચાલે છે. માટે સ્વસંપ્રદાયનો આગ્રહ હોય સાથે અન્ય સંપ્રદાયનો દુરાગ્રહ ન હોય (સર્વ ધર્મોનો આદરભાવ હોય).

૫૦) જે બાળજીવો સમકિતની અને મોક્ષની વાતો કરે છે, પણ તે મેળવવા માટેની જાણકારી અને સમજણ લેવા જેટલી જિજ્ઞાસા ધરાવતા નથી, તે જીવોને નિશ્ચય બોધ ઉગતો નથી અને આત્મધર્મ મળતો નથી. (સાચી જાણકારી મેળવવા અને મળતી હોય તો દેનારની ગમે તે અવસ્થા હોય તેનો વિચાર જીવે કરવાનો ન હોય. જીવે તો જે મેળવવા માગે છે, તે મળે છે કે નહીં તેનો જ વિચાર કરવાનો હોય.)

૫૧) જે બાળજીવોને સંસારનાં કાર્યો સબંધી અર્થનું ઉદારપણું છે અને ધર્મનાં કાર્યો સબંધી લોભવૃત્તિ છે તેવા જીવોને નિશ્ચય બોધ ગમતો નથી. (સંસારનાં સુખનાં સાધનો માટે અને સંસારનાં પ્રસંગોમાં અર્થ વાપરીને અનંત પાપ કર્મો જીવ બાંધે છે. અને ધર્મ સબંધી કાર્યોમાં અર્થ વાપરીને જીવ અનંત પૂણ્ય કર્મ બાંધે છે, છતાં ત્યાં લોભવૃત્તિ અને ઓછા અર્થથી મોટો લાભ લેવાની વૃત્તિ રાખે છે. (મફતમાં પૂણ્ય મેળવવાની લેશ્યા બળવાન બનાવે છે.)

૫૨) જે બાળજીવો આત્મધર્મ મોટી ઉંમરે કરીશું (વૃધ્ધાવસ્થામાં) તે જીવોને નિશ્ચય બોધ ગમતો નથી. (સિધ્ધાંત બોધનો આદર નથી)

સિધ્ધાંત બોધ એજ નિશ્ચય બોધ અને એજ આત્મધર્મ જીવ સ્વાવલંબીપણાંમાં અને સશક્ત સ્થિતીએ કરી શકે છે. (લાચારીમાં અથવા પરવરીશપણામાં નિશ્ચય બોધ ન થઈ શકે). સમજણપૂર્વક લક્ષસહીત અને

**ચાર ગતીમાં ફરવાનું કારણ**
**''અજ્ઞાન''**
**મોક્ષગતી ન મળવાનું કારણ**
**''અજ્ઞાન''**

પ્રસન્નતાથી થઈ શકે તેનું નામ નિશ્ચય બોધ. જે બોધમાં આત્માની મક્કમતા, વિચારોની સ્થિરતા અને આરોગ્યની અનુકુળતા અનિવાર્ય છે. માટે નિશ્ચય ધર્મને ક્ષત્રિયપણામાં થઈ શકે તેવો ધર્મ કહેલ છે અને તેવી સ્થિતી જીવની લગભગ ૨૫ વર્ષની ઉંમરથી લઈને ૫૦ વર્ષ સુધીની ઉંમર ગણાય. (સંપૂર્ણ સ્વતંત્રપણું ગણાય)

૫૩) જે બાળજીવો જ્ઞાન અને જ્ઞાની કરતા પણ ત્યાગનો જ બળવાન આગ્રહ કરે તે જીવોને સિધ્ધાંત બોધ ગમતો નથી (નિશ્ચય બોધ ઉગતો નથી અને આત્મધર્મ પામતો નથી) (ત્યાગ મહાન છે. ત્યાગનો આદર હોય. ત્યાગનું બહુમાન હોય પણ જ્ઞાન અને જ્ઞાની પ્રત્યે અત્યંત ભક્તિભાવ અને જ્ઞાન માટે તો અપરંપાર અહોભાવથી વંદના હોય)

**જ્ઞાનને વેશ નથી, જાતી નથી અને સંપ્રદાયનાં બંધન હોતા નથી, જ્ઞાન જ્ઞાન છે. જ્ઞાન એ આત્માનાં ગુણોનું બોલતું સ્વરૂપ છે. જ્ઞાન એ આત્માનું પ્રગટપણું છે. જ્ઞાન એ જગતનું દર્શન છે. જ્ઞાન એ અંધકારનો નાશક અને પ્રકાશને પ્રકાશવનાર છે. જ્ઞાન એ દુ:ખોને ટાળનાર અને સુખ આપનાર છે. જ્ઞાન એ ભય ટાળનાર અને નિર્ભયતા આપનાર છે. જ્ઞાન એ ભવભ્રમણમાંથી છોડાવનાર અને મોક્ષ અપાવનાર છે. જ્ઞાન એ પ્રભુ પ્રભુ કરાવનાર અને આનંદ આનંદ આનંદમાં રખાવનાર છે.**

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.

Website : www.jainojago.com